દાખલ થયા તા. ૦૮/૦૯/૨૦૨૦
રજી. લીધા તા. ૦૮/૦૯/૨૦૨૦
નિકાલ થયા તા. /૦૮/૨૦૨૧
સમય ગાળો : વર્ષ–૦૦,માસ– , દિવસ– .

**અમદાવાદના મહેરબાન એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નંબર – ૬,**
**અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન, દાણાપીઠ, અમદાવાદ**

**ક્રિમી. પ્રા. અરજી નં. :– ૨૪૨૪/૨૦૨૦**

**આંક :–**

**અરજદાર** :– પટણી સતીષભાઈ મંગાભાઈ
ઉ. વ. ૪૫, ધર્મે – હિન્દુ, ધંધો – છુટક મજુરી,
રહે. જજ સાહેબની ચાલી, પોટલીયા તળાવની સામે, સરસપુર, અમદાવાદ

**વિરૂધ્ધ**

**સામાવાળા** :– રજીસ્ટ્રાર શ્રી,
જન્મ – મરણ વિભાગ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, દાણાપીઠ, અમદાવાદ.

**વિષય :– જન્મ–મરણ અધિનીયમની કલમ – ૧૩ (૩) મુજબ મરણ ની નોંધણીનો હુકમ મેળવવા બાબત....**

**અરજદાર તર્ફે વિ. વ. શ્રી એ. એમ. જાજલ**

**સામાવાળા તર્ફે વિ. વ. શ્રી કોઈ નથી.**

**:: ચુકાદો ::**

**૧.** અરજદારે હાલની અરજી જન્મ–મરણ નોંધણી અધિનીયમની કલમ ૧૩ (૩) હેઠળ તેમના પિતા નામે "મંગાભાઈ" ના મરણની નોંધ કરાવવા માટે દાખલ કરેલ છે. અરજદારે અરજીમાં એવી હકીકતો જણાવેલ છે કે, તેમના પિતા નામે "મંગાભાઈ" નું મરણ તારીખ :– ૨૦–૦૬–૨૦૦૩ના રોજ પ્રભાશંકરની ચાલી શારદાબેન

હોસ્પીટલની સામે, સરસપુર, અમદાવાદ મુકામે થયેલ હતુ, અને તેમના પિતા ના મરણની અંતીમ વિધી ચામુંડા સ્મશાન ગૃહ, ચામુંડા મુકિતધામ હેલ્થ જન્મ મરણ ખાતુ અમદાવાદ મ્યુની. કોર્પો. બાપુનગર, અમદાવાદ મુકામે કરવામાં આવેલ, અને જે તે વખતે તેઓની શરતચુકના કારણે તેમના પિતા ના મરણ અંગે ની નોંધ જન્મ–મરણ નોંધણી અન્વયે સામાવાળાના રેકર્ડમાં કરાવવાની રહી ગયેલ છે, અને હાલ તેમના પિતા ના મરણના દાખલાની જરૂરીયાત સરકારી કામકાજ માટે વારસાઈ ના કામ સારૂ જરૂરત ઉપસ્થિત થતા હાલની અરજી તેમના પિતાના મરણની નોંધ કરાવવા માટે આપેલી છે. અરજદારે અરજીમાં તેમના પિતા ના મરણની નીચે મુજબની વિગતો આપેલ છે.

| | | |
|---|---|---|
| મરનારનું નામ | :– | મંગાભાઈ દેવરાજભાઈ પટણી |
| મરણ તારીખ | :– | ૨૦–૦૬–૨૦૦૩ |
| મરણ સ્થળ | :– | પ્રભાશંકરની ચાલી શારદાબેન હોસ્પીટલની સામે, સરસપુર, અમદાવાદ |
| અંતિમ વિધી | :– | ચામુંડા સ્મશાન ગૃહ, ચામુંડા મુકિતધામ હેલ્થ જન્મ મરણ ખાતુ અમદાવાદ મ્યુની. કોર્પો. બાપુનગર, અમદાવાદ |

**૨.** અરજદાર ની અરજીમાં ઉપરોકત મુજબની વિગતો હોઈ અને જે તે વખતે તેમના પિતા ના મરણ ની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, તેથી સામાવાળા અરજદારના પિતાના મરણની નોંધ કરી મરણનો દાખલો કાઢી આપે તેવી દાદ માંગેલ છે.

**૩.** આ અરજી દાખલ થતાં અરજી રજીસ્ટરે નોંધવામાં આવેલ છે, અને આ અરજી અરજદાર ના પુરાવા માટે રાખવામાં આવેલ છે. અરજદારે પોતાની અરજીના સમર્થનમાં નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

### અરજદાર તર્ફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ::

| નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અમદાવાદ મ્યુ. કોર્પો. ના જન્મ–મરણ નોંધણી વિભાગ નું નો રેકર્ડ સર્ટીફીકેટ | ૪ |
| ૨ | સ્મશાનની પહોંચની ડુપ્લીકેટ રીટર્ન | ૫ |

| | | |
|---|---|---|
| ૩ | જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેલ તા. ૦૩/૦૪/૨૦૨૧નું દૈનીક વર્તમાનપત્ર નિર્મળ ગુજરાત. | ૭ |
| ૪ | સ્મશાનની મરણ નોંધણીના ઉતારાની નકલ | ૮ |

**અરજદાર તર્ફે રજુ થયેલ મૌખીક પુરાવાઓ ::**

| નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદાર પટણી સતીષભાઈ મંગાભાઈની ની સરતપાસ એફીડેવીટ | ૯ |
| ૨ | અરજદાર તર્ફે સાહેદ નં. ૧. પટણી ભીખાભાઈ ચેલાભાઈની સરતપાસ એફીડેવીટ | ૧૦ |
| ૩ | અરજદાર તર્ફે સાહેદ નં. ૨. પટણી રાયભણભાઈ સેંધાભાઈનીસરતપાસ એફીડેવીટ | ૧૧ |
| ૪ | અરજદાર તર્ફે સાહેદ નં. ૩. પટણી કનુભાઈ મોહનભાઈની સરતપાસ એફીડેવીટ | ૧૨ |

અરજદારે આંક – ૧૩ થી પુરાવા બંધ ની પુરસીસ રજુ કરેલ છે.

**૪.** આ અરજી ઈન્કવાયરી સ્વરૂપની હોઈ જેથી અરજદારે જે સરતપાસનું સોગંદનામુ આપેલ છે, તે પણ સી. આર. પી. સી. ની કલમ ૨૯૬ હેઠળ ગ્રાહય હોય જેથી તેને ધ્યાને લેવામાં આવેલ છે.

**૫.** આ કામે અરજદાર ના રજુ થયેલ પુરાવા જોતાં આંક – ૪ થી રજુ થયેલ અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન ના જન્મ–મરણ નોંધણી વિભાગનું નો–રેકર્ડ સર્ટીફીકેટ મુજબ અરજદાર ના પિતા ના મરણની નોંધણી સામાવાળાના રેકર્ડમાં થયેલ નથી તેવું ફલીત થાય છે, અને આ કામે આંક–૫ થી સ્મશાનની પહોંચ રજુ થયેલ છે, જે વંચાણે લેતાં આ કામે અરજદાર ના પિતા ના મરણ બાદ તેમની અંતીમ વિધી ચામુંડા સ્મશાન ગૃહ, ચામુંડા મુકિતધામ હેલ્થ જન્મ મરણ ખાતુ અમદાવાદ મ્યુની. કોર્પો. બાપુનગર, અમદાવાદ મુકામે કરવામાં આવેલ છે, તેવું ફલીત થાય છે. આ કામે આંક– ૭ થી જાહેર નોટીસ રજુ થયેલ છે, અને તે જાહેર નોટીસના કામે કોઈ વાંધા કે તકરાર રજુ થયેલ નથી અને કાયદા મુજબ મરણની નોંધણી સામાવાળા ના સરકારી રેકર્ડમાં કરાવવી જરૂરી છે, અને આ કામે અરજદાર તથા અરજદારના સાહેદો ના આંક – ૯ થી આંક – ૧૨ સુધીની સરતપાસના જે પુરાવા રજુ કરેલ છે, તે પુરાવાની હકીકતે અરજદારના પિતા નામે "મંગાભાઈ" નું અવસાન તારીખ :– ૨૦–૦૬–૨૦૦૩ ના રોજ થયેલ હોવાનું જણાઈ આવે છે, તે સંજોગોમાં આ અરજી મંજુર થવાને પાત્ર જણાતી હોય, ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

અરજદારની હાલની અરજી આથી **મંજુર** કરવામાં આવે છે.

આ કામના સામાવાળાને એવો આદેશ કરવામાં આવે છે કે, અરજદારના પિતાના મરણની નીચે મુજબની વિગતો હોય તે મુજબની વિગતો નોંધી જરુરી લેઈટ ફી વસુલ લઈ અરજદારના પિતાના મરણની નોધ કરી મરણનો દાખલો કાઢી આપવો.

| | | |
|---|---|---|
| મરનારનું નામ | :– | મંગાભાઈ દેવરાજભાઈ પટણી |
| મરણ તારીખ | :– | ૨૦–૦૬–૨૦૦૩ |
| મરણ સ્થળ | :– | પ્રભાશંકરની ચાલી શારદાબેન હોસ્પીટલની સામે, સરસપુર, અમદાવાદ |
| અંતિમ વિધી | :– | ચામુંડા સ્મશાન ગૃહ, ચામુંડા મુકિતધામ હેલ્થ જન્મ મરણ ખાતુ અમદાવાદ મ્યુની. કોર્પો. બાપુનગર, અમદાવાદ |

આ હુકમની યાદી સામાવાળાને કરવી.

આજરોજ તા.            માહે ઓગષ્ટ સને ૨૦૨૧ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

**( મયુરી ભાસ્કર ભાલીયા)**
**એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,**
**કોર્ટ નં. ૬, અમદાવાદ.**
**જી જે ૦૧૪૭૬**

**તારીખ :–          –૦૮–૨૦૨૧**
**સ્થળ :– અમદાવાદ.**